રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની કારોબારી સમિતિ સમરસ...

વેપાર-ઉદ્યોગનું પ્રતિનિધિત્વ કરતી વરિષ્ઠ મહાજન સંસ્થા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની વર્ષ ૨૦૨૨-૨૦૨૫ માટે કારોબારી સમિતિની ચુંટણી તા.૨૬-૨-૨૦૨૨ ના રોજ યોજાનાર હતી. તેમાં ૫૯ ઉમેદવારોએ ફોર્મ ઉપાડેલ તેમાંથી ૫૬ ફોર્મ ભરાઈને પરત આવેલ. તે દરમ્યાન તા.૧૮-૨-૨૦૨૨ સુધીમાં ઉમેદવારી ફોર્મ પરત ખેંચવાનો છેલ્લો દિવસ હોય તેમાંથી ૩૨ ફોર્મ પાછા ખેંચાતા ૨૪ સભ્યોની કારોબારી સમિતિ સમરસ થયેલ છે. જેમાંથી આગામી ટુંક સમયમાં ૫ હોદ્દેદારોની વરણી કરવામાં આવશે.

આ પ્રક્રિયા દરમ્યાન તમામ વેપાર-ઉદ્યોગકારો અને પ્રેસ-મિડીયાઓ અને શુભેચ્છકોએ સાથ અને સહકાર આપેલ છે. તે તમામનો કારોબારી સમિતિ વતી શ્રી વી.પી. વૈષ્ણવ દ્ધારા સહદય આભારની લાગણી વ્યકત કરેલ છે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.